# સિધ્ધપુરના મહે.એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.સિધ્ધપુર

ફોજદારી કેસ નં. ૧૩૬/૨૦૨૬
આંક : ૦૧ લગત હુકમ

ફરીયાદી : શ્રી સરકાર
વિરૂધ્ધ
આરોપી : શ્યામ જીતુભાઈ વાદી

**ગુનો : ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબ.**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવના દિવસે જિલ્લા મેજી.શ્રી પાટણ નાઓનુ હથિયારબંધીનુ જાહેરનામુ અમલમાં હોવા છતાં પોતાના કબજામાં લાકડાનો ધોકો જેનાથી શારીરીક ઈજા પહોંચાડવા માટે ઉપયોગ થઈ શકે તેવો રાખી મળી આવી ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું આંક – ૧ વાળુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા,આરોપીને પોલીસ પેપર્સો ની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી ગુના સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વેચ્છીક એકરાર કરેલ છે અને કબૂલાત પુરસીસ અલગથી આપેલ છે.આરોપીએ ગુના કબુલાત પુરશીશ રજુ રાખી જણાવેલ છે કે, તેઓને ગુનો કબુલ મંજુર છે અને મૌખિક રજુઆત કરેલ છે કે, તેઓ વિરૂધ્ધ ના આ ગુના અંગેના આક્ષેપો સંપુર્ણ ખરા નથી. તે ગરીબ વર્ગનાં, કુટુંબ કબીલાવાળા માણસ હોઈ, મજુરી કામ કરી માંડમાંડ તેઓનાં કુટુંબનું ભરણપોષણ કરે છે. જેથી દયા રાખી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આરોપીને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ તેમ છતાં ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ મંજુર હોય, જે કબુલાત ન માનવાને કારણ નથી. આરોપીની કબુલાત પુરશીશ ની હકિકતો તથા આરોપીની અન્ય મૌખિક રજુઆતો ધ્યાને લેતા, આરોપીને સદર ગુના બદલ તકસીરવાન ઠરાવવામાં આવે છે. સજા સંદર્ભે આરોપીની કોર્ટ સમક્ષની રજૂઆતને લક્ષમા લેતા, આરોપી તેઓનો પ્રથમ ગુનો હોવાનુ જણાવતા હોય, આરોપી કુટુંબનો આધાર સ્તંભ હોય, જો લાંબા સમય સુધીની કેદની સજા કરવામા આવે તો કુટુંબના ભરણપોષણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે , આરોપીના કથીત કૃત્યની સજા આડકતરી રીતે તેના કુટુંબીજનો ને થનાર હોય, આરોપીએ ગુના સબબ પારાવાર પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો નહીં બને તેમ જણાવતા હોય, કેસના સંજોગો, ગુનાનો પ્રકાર અને કરવામા આવેલી રજૂઆતોને લક્ષમા લેતા,તેમજ નામદાર ગુજરાત ની વડી અદાલતના ૨૦૦૫ (૧) જી.એલ.એચ. પાના નં.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટરવરસિંહ હરીચંદ્રસિંહ ઠાકોરનાં

કેસમાં ડીવીઝન બેન્ચે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો  હોય તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની પ્રથા છે. ઉપરોકત ચુકાદામાં પાના નંબર ૭૨૧ પર પારા.૨૧ માં જણાવેલ કારણો તેમજ સદર ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા,સદર ચુકાદો આરોપીનાં કેસને મદદરૂપ/ થાય છે. આરોપીની સ્થિતી અને સંજોગોને ધ્યાને લઈ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત જણાય છે. જેથી સજા અંગે વિધ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી ને સાંભળ્યા બાદ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે

## // હુકમ //

૧. આ કામના આરોપીને ધી ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ મુજબની શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/–(રૂપિયા એકસો પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમના ભરે તો દિન.૨ ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : સિધ્ધપુર.

**(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)**
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સિધ્ધપુર.
કોડ નં.જીજે–૦૦૮૭૭